| | કેસ દાખલ તારીખ | ૧૦–૩–૨૦૨૬ | | |
|---|---|---|---|---|
| | કેસ નોંધણી તારીખ | ૧૦–૩–૨૦૨૬ | | |
| | કેસ ફેંસલ તારીખ | ૨૫–૩–૨૦૨૬ | | |
| | સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| GJJN200001122026 | | | | ૧૫ |

# વિસાવદરના મે. ચોથા એડીશ્નલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં

<u>ક્રિમીનલ પરચુરણ અરજી નંબર : ૫૩/૨૦૨૬</u>

**આંક–**

**<u>અરજદાર/આરોપી:</u>–** ધીરેનભાઈ ઉફે ડીકે અમૃતલાલ કારીયા,
ઉ.વ.આ.૪૨, ધંધો : કન્સ્ટ્રકશન,
રહે.બ્લોક નં.૪૦૨, આશીર્વાદ એપાર્ટમેન્ટ,
જલારામ સોસાયટી, જુનાગઢ.
હાલ જીલ્લા જેલ, જુનાગઢ.

**વિરૂધ્ધ...**

**<u>સામાવાળા:–</u>** સ ર કા ર શ્રી

**વિષય:–** બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ હેઠળ જામીન અરજી.

---

અરજદાર/આરોપી તરફે : **વિ.વકીલશ્રી જે.આર.જોષી**
સામાવાળા તરફે : **વિ.એ.પી.પી.શ્રી વી.એન.માઢક**

---

**<u>–: ઠ રા વ :–</u>**

1. હાલના અરજદાર/આરોપી દવારા ભેંસાણ પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૧૧૨૦૩૦૦૭૨૫૦૩૫૧/૨૦૨૫ થી પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(ઈ), ૮૧, ૯૮(૨) ૮૩, ૧૧૬(બી) તથા બી.એન.એસ. કલમ–૧૧૧(૨)(બી), ૧૧૧ (૩), ૧૧૧ (૪), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨) મુજબના ગુન્હાના

કામે બી.એન.એસ. એસ. ની કલમ–૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત થવા અરજી કરેલ છે.

2. અરજી દાખલ થતા સામાવાળાને નોટીસ કરવામાં આવેલ છે. સામાવાળા તરફે વિ. સરકારી વકીલશ્રી હાજર રહેલા છે. અરજદાર તરફે વિ.વકીલશ્રીની તથા સામાવાળા તરફે વિ. સરકારી વકીલશ્રીની દલીલો સાંભળી. અરજદાર તરફે રજુ થયેલ અરજી તથા દસ્તાવેજી પુરાવા તથા આંક–૫, આંક–૬ અને આંક –૮ થી રજુ થયેલ ત.ક.અમલદારનુ સોગં દનામાં ધ્યાને લીધા.

3. અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી જે.આર.જોષીએ દલીલ કરતા જણાવેલ છે કે, અરજદાર/આરોપીનુ એફ.આઈ.આર. મા નામ જણાવેલ નથી, બનાવવાળી જગ્યા કે કોઈ વાહન અરજદાર/આરોપીની માલીકીનુ હોય તેવુ બનેલ નથી, એફ.આઈ.આર. મા અરજદાર/આરોપી પોલીસને જોઈ નાસી કે ભાગી ગયેલ હોય કે બનાવવાળા સ્થળે હાજર હોય તેવુ જણાવેલ નથી. આ કામમા તપાસ પુર્ણ થઈ જતા વિ.મેજીસ્ટ્રેટ કોર્ટમા ચાર્જશીટ થઈ ગયેલ છે જેનો ફો.કે.નં.૧૨૨/૨૦૨૬ છે, કામ ચાલતા ઘણો લાંબો સમય લાગે તેમ છે. અરજદાર/આરોપી પાસેથી પોલીસ કસ્ટડી દરમ્યાન કોઈ મુદામાલ કે મુદામાલને લગતી કોઈ હકીકત તપાસ દરમ્યાન પોલીસ રેકર્ડ ઉપર આવેલ નથી, પોલીસે તમામ મટીરીયલ્સ કબજે કરેલ લીધેલ હોય તપાસને કોઈ નુકસાન પહોંચે તેમ નથી, આ કામના અન્ય સહ આરોપીઓને નામ.કોર્ટ ધ્વારા જામીન મુકત કરવામા આવેલા હોય હાલના અરજદાર/આરોપીને પેરીટીના ગ્રાઉન્ડ ઉપર જામીન મુકત કરવા અરજ કરેલ છે.

4. સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, અરજદાર/આરોપી હાલના ગુનાના મુખ્ય આરોપી છે, અન્ય સહ આરોપીઓને જામીન મુકત કરેલ છે તેના કરતા હાલના અરજદાર/આરોપીનો રોલ અલગ છે જેથી પેરીટીના ગ્રાઉન્ડ ઉપર અરજદાર/આરોપી જામીન મુકત થવા પાત્ર નથી, અરજદાર/આરોપીનો ગુનાહીત ઈતિહાસ છે, આવા જ પ્રકારના ગુનામા અરજદાર/આરોપી અગાઉ પણ સંડોવાયેલા છે, અરજદાર/આરોપીને જામીન મુકત કરવામા આવશે તો ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે નહીં જેથી અરજદાર/આરોપીની જામીન અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

5. આ કામે આંક–૫ થી રજુ થયેલ ત.ક.અ.નુ સોગંદનામું ધ્યાને લેતા તેમા આરોપીની ભુમીકા ધ્યાને લેતા પકડાયેલ આરોપી કાનો ઉર્ફે બાડાએ હાલના અરજદાર/આરોપી પાસેથી દારૂનો જથ્થો મંગાવતા અરજદાર/આરોપીએ પકડવાના બાકી આરોપી નં.(૨)મારફતે પકડવાના બાકી આરોપી નં.(૧) ના ટાટા કન્ટેનર નં.જી.જે.૧૫–એ.ટી.–૩૪૧૦ મા પ્લાસ્ટીકના બેરલની આડમા ભારતીય બનાવટનો વિદેશી દારૂ/બીયરની અલગ અલગ બોટલો/ટીન નંગ–૧૫,૫૯૩ કિંમત રૂ.૬૮,૬૪,૯૦૦/– નો જથ્થો ભરાવી પકડાયેલ આરોપી કાના ઉર્ફે બાડાએ મોકલેલ લોકેશન આધારે અરજદાર/આરોપીને પકડવાના બાકી આરોપી નં.(૩) તથા (૪) ના મારફતે ભરેલ દારૂના જથ્થાના વાહનને રેઈડવાળી જગ્યાએ પહોંચાડી ગુનો કરેલ છે. અત્રેની કોર્ટના હુકમ અનુસંધાને ત.ક.અમલદાર ધ્વારા આંક–૬ અને આંક–૮ થી વિશેષ સોગંદનામાં રજુ રાખેલ છે.

6. પક્ષકારો તરફેની ઉપરોકત રજુઆત સાથે રેકર્ડ ઉપરની હકીકત ધ્યાને લેવામા આવે તો આ ગુનાના સહ આરોપીઓને આ અદાલતે જામીન

ઉપર મુકત કરેલ છે. પરંતુ હાલના આરોપી તે આધારે પેરીટીના ગ્રાઉન્ડ ઉપર જામીન મુકત થવાને પાત્ર ઠરતા નથી. હાલના આરોપી સદર ગુનાના મુખ્ય આરોપીઓ પૈકીના એક છે, હાલના અરજદાર/આરોપીએ ગુનામા સીધી રીતે ભાગ ભજવેલ છે, આરોપી ગુનાહીત ઈતિહાસ ધરાવે છે, પોલીસ અભિપ્રાયની વિગતે આરોપી સામે જુદા જુદા ૬૩ ગુના નોંધાયેલ છે જે પૈકી મોટા ભાગના ગુના પ્રોહીબીશનને લગતા છે. પોલીસ એફીડેવીટની વિગતે આરોપી ગુજરાત રાજયના ટોપ ૨૫ બુટલેગરો પૈકી ૧૯ મા ક્રમના બુટલેગર છે. આરોપી ધ્વારા અગાઉ ખોટા નામે પાસપોર્ટ મેળવવાનો ગુનો પણ નોંધાયેલ છે, વિદેશી દારૂની હેરાફેરીની પ્રવૃતિ સતત ચાલુ રાખેલ છે, જે કારણે આરોપી સામે ગુજસીટોક અન્વયેની કાર્યવાહી પણ શરૂ કરવામા આવેલ છે. જે તમામ સંજોગો અન્ય સહ આરોપીઓથી હાલના આરોપીને જુદા પાડે છે. જે સંજોગોમાં આરોપી પેરીટીનો લાભ મેળવવાને હકકદાર ઠરતા નથી. આ ઉપરાંત અત્રેની અદાલત ધ્વારા આરોપીના ગુનાહીત ઈતિહાસ અને તે ગુનાના કામે આરોપી ધ્વારા જામીનની શરતોનો ભંગ કરેલ છે કે કેમ તેની સ્પષ્ટતા મંગાવવામા આવેલ છે. જે અનુસંધાને ત.ક.અમલદાર ધ્વારા આંક–૬ થી સોગંદનામું રજુ રાખી આરોપી ધ્વારા જુદા જુદા ૧૬ ગુનામા શરતભંગ કર્યાનુ જાહેર કરેલ છે. જયારે બાકીના ગુનામા શરત ભંગ થયેલ છે કે કેમ ? તેની વિગત મેળવવાની બાકી હોવાનુ જણાવેલ છે. જે બાબતે અત્રેની અદાલત ધ્વારા વધુ હુકમ કરીને સ્પષ્ટતા માંગતા ત.ક.અમલદાર ધ્વારા આજરોજ આંક–૮ થી સોગંદનામું રજુ રાખેલ છે. જેમા એક ગુનામા આરોપીના આગોતરા જામીન રદ કરેલ છે તેમ ઠરાવી તેનો હુકમ રજુ રાખેલ છે. સદર આંક–૮ ના અભિપ્રાય મુજબ ૩ ગુનામા જામીન રદની

કાર્યવાહી સરકાર પક્ષે કરવામા આવેલ હતી. જેમાથી માત્ર એક કેસમા શરતભંગ બદલ આરોપીના આગોતરા જામીન રદ કરેલ છે. જયારે બાકીના ગુનામા ત.ક.અમલદારને અન્ય પોલીસ સ્ટેશનો તરફથી આ બાબતે માહિતિ મળેલ ન હોવાનુ જણાવેલ છે.

7. ઉપરોકત વિગતે આરોપી ધ્વારા અગાઉના ગુનામા પણ શરતોનો ભંગ કરેલ છે તેવુ પ્રથમદર્શનીય રીતે જણાય આવે છે. ત્યારે આ ગુનાના કામે આરોપીને શરતોને આધીન પણ જામીન મુકત કરવા યોગ્ય પ્રસ્તુત કેસ જણાતો નથી.

8. વળી, જામીન અરજીના તબકકે અદાલતે ગુનાનુ પુનરાવર્તન ન થાય તે ધ્યાને લેવાનુ રહે છે. પ્રસ્તુત કેસમા આરોપીના ગુનાહીત ઈતિહાસને ધ્યાને લેતા ગુનાનુ પુનરાવર્તન થવાની ત.ક.અમલદારની રજુઆત આધારભુત જણાય છે. આ સંજોગોમાં પણ આરોપીને જામીન મુકત કરવા યોગ્ય પ્રસ્તુત કેસ જણાતો નથી.

9. પોલીસ અભિપ્રાયની વિગતે આરોપી સને ૨૦૧૫ ના વર્ષથી આવા પ્રકારના વિદેશી દારૂની હેરફેરના ગુનાહીત કૃત્યો કરી રહેલ છે. આમ પાછલા ૧૦ વર્ષના આરોપીના ગુનાહીત ઈતિહાસને ધ્યાને લેતા આરોપીની જામીન મુકિતથી પુરાવા સાથે ચેડા થવાની શકયતા પણ નકારી શકાય તેમ નથી. આરોપી ધ્વારા જે રીતે અને પ્રકારે હાલનો ગુનો આચરેલ છે તે ધ્યાને લેતા તથા આરોપીની ગુનાહીત પ્રવૃતિમા સંડોવણી અને ગુનાહિત ઈતિહાસને ધ્યાને લેતા આરોપીની તરફેણમા પોતાની મુનસફીની સત્તાનો ઉપયોગ કરવા યોગ્ય પ્રસ્તુત કેસ હાલની અદાલતને જણાય આવતો નથી.

10. સદર ગુનાના કામે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ થઈ ગયેલ છે જેનો

ફોજદારી કેસ નં.૧૨૨/૨૦૨૬ છે. જેથી તપાસના કામે આરોપીની આવશયકતા ન હોય જામીન મુકત કરવા અરજ આરોપી પક્ષે ગુજારેલ છે. પરંતુ માત્ર ચાર્જશીટ થઈ ગયેલ છે તે જામીન મુકિતનુ કારણ બની શકે તેમ નથી. બલ્કે એફ.આઈ.આર. ના તબકકે પ્રાથમિક જે હકીકત તપાસ એજન્સીને મળેલ તે સબંધમાં પુરતા પુરાવા તપાસ દરમ્યાન આરોપી વિરૂધ્ધ મળી આવેલ હોય આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ થયેલ છે. આ સંજોગોમાં પણ આરોપીની જામીન મુકિત માટેનુ કોઈ વ્યાજબી કારણ આ અદાલતને જણાય આવેલ નથી. જેથી ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**–:: હુ ક મ ::–**

1. આ કામના અરજદાર/આરોપીની અરજી રદ કરવામા આવે છે.

હુકમ આજ **તારીખ ૨૫ મી માહે : માર્ચ સને ૨૦૨૬ ના** રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૫.૩ .૨૦૨૬
સ્થળ : વિસાવદર.

**( હેતલકુમાર વિનોદરાય જોશી )**
ચોથા એડીશનલ સેસન્સ જજ,
વિસાવદર.
કોડ નં.જીજે.૦૦૫૯૯